જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૨/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૭૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૫	૧	૧૧૭૩૬	૧૭૮૪૫	૧	૧૭૮૪૬
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૭૫૧	૫૨	૭૪૮૦૩	૭૫૮૬૩	૫૨	૭૫૯૧૫
કુલ		૯૧૩૪૪	૫૩	૯૧૩૯૭	૧૦૦૩૮૭	૫૩	૧૦૦૪૪૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૧	૩,૬૩,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૯૯	૨,૯૯,૦૦૦/-

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૭૬/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૪૮ લીટર દેશી દારૂ, ૧૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૩૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬૦ બિયર ટીન અને ૦૪ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૭૭/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૭૮/૨૦૨૧</u>**

સાયબર ક્રાઈમઃ અનિલ હિરાલાલ મંગલાણી (ઉ.વ.૪૦) (રહે. હરિઓમ પાર્ક બંગલા એરીયા કુબેરનગર) એ તા.૧૪/૧૨/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૨૭૪૯૨૭૫૬૯, ૬૫૬૯૮૩૧૧૪ અને ૯૭૪૮૯૮૨૯૧૦ ના ધારકોએ અનિલ મંગલાણીને ફોન કરી શેર માર્કેટમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી અનિલ મંગલાણીને શેરબજારમાં રોકાણ કરવાનુ જણાવી શેરમાર્કેટમાં રોકાણ કરવાની સ્કીમ સમજાવી શરૂઆતમાં નફો બતાવી બાદ અનિલ મંગલાણીને રૂપિયા ૭,૧૬,૫૮૯/- વાળી સ્કીમમાં રોકાણ કરશો તો ત્રણ થી ચાર ગણા રૂપિયાનો ફાયદો થશે તેવી સ્કીમ સમજાવી ૨૫ લાખનો નફો થશે તેવી લાલચ આપી અનિલ મંગલાણી પાસેથી અગલ-અલગ તારીખે રૂપિયા ૭,૧૬,૫૮૯/- તેઓના ખાતામાં ભરાવડાવી નફો કે આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એમ.ડાભી ચલાવે છે.

મણીનગરઃ અર્પિત કમલેશભાઇ શાહ (ઉ.વ.૨૯) (રહે. જલ સરોવર એપાર્ટમેન્ટ આઇ.બી.પી. પેટ્રોલપંપની બાજુની ગલીમાં રામબાગ ચાર રસ્તા પાસે મણીનગર) એ તા.૧૪/૧૨/૨૦૨૧ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બસંતકુમાર નામની વ્યક્તિએ ઓ.એલ.એક્સ.એપ્લીકેશનમાં સંપર્ક નંબર મોબાઈલ નંબર ૭૫૯૯૨૬૨૮૨૧ આપી એપલ કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૧,૧૫,૦૦૦/- વેચાણ મુકતા અર્પિત શાહે લેપટોપ ખરીદવા તા.૧૪/૦૬/૨૦૨૧ ના રોજ ઓ.એલ.એક્સ. પર આપેલ મોબાઈલ નંબર ૭૫૯૯૨૬૨૮૨૧ ઉપર બસંતકુમાર નામની વ્યક્તિનો સંપર્ક કરતા લેપટોપની કિમત રૂપિયા ૧,૦૪,૦૦૦/- નક્કી કરી તે પેટેના પૈસા ઓનલાઈન ટ્રાન્સફર કરવાનુ જણાવી તેઓનો એસબીઆઈ બેંકનો ખાતા નંબર આપી રૂપિયા ૧,૦૪,૦૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ લેપટોપ નહી મોકલી તેમજ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.બી.ગોયલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૨૭૯/૨૦૨૧**

ઓઢવઃ જીવણભાઈ દીપચંદભાઈ જૈન (રહે. સ્મૃતિ વિહાર સોસાયટી સ્મૃતિ મંદીર પાછળ ઘોડાસર વટવા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૧ સાંજના ૭/૦૦ થી તા.૧૪/૧૨/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ સી.એમ.સી.અમરકુંજ સોસાયટી દુકાન નંબર-બી/૧૫ પ્રીત એન્ટરપ્રાઈઝ નામની દુકાનના લોખંડના પતરા ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી સેમસંગ કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, મોબાઈલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૨૮૦/૨૦૨૧**

નરોડાઃ હીતેશકુમાર અંબાલાલ પટેલ (રહે. ગણેશ એપાર્ટમેન્ટ વિભાગ-૧ કડી કરણનગર રોડ કડી) એ તા.૧૩/૧૨/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગે નરોડા હરીદર્શન ચાર રસ્તા ડીવાઇન કેર હોસ્પીટલ અવની આઇકોનની નીચે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/- અને અગત્યના ડોક્યુમેન્ટ હતા. આ અંગેની ફરીયાદ હીતેશકુમાર પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૮૧/૨૦૨૧**

શહેરકોટડાઃ મિથુનકુમાર નાગેશ્વર મહતો (ઉ.વ.૨૪) (રહે. જજ સાહેબની ચાલી પોટલીયા ચાર રસ્તા પાસે સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૧ કલાક ૮/૦૦ થી ૮/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રકાશકુમાર કિરણચન્દ્ર ચલાવે છે.

રામોલઃ નેહા ઉર્ફે નેન્સી ડો/ઓ બલરામસિંહ રાજપુત (ઉ.વ.૨૬) (રહે. શિવાલય સોસાયટી શિવસુખનગર વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૧ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દીનેશભાઇ મણીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.